Marengo CIMS Hospital

# CIMS NEWS
# CARE & CURE

Price : ₹ 5/-

Volume-15 | Issue-169 | August 25, 2024



CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-169 | August 25, 2024

Marengo CIMS Hospital

# ખોરાક અને હૃદય સંબંધિત બીમારી




**ડો. તેજસ વી. પટેલ**

MD, DM Cardiology (CMC Vellore)
(Gold Medalist)
Fellow in TAVR / TAVI (Hungary)
Interventional Cardiologist
+91 89403 05130
tejas.patel@marengoasia.com

કાર્ડિયોવાસ્ક્યુલર બીમારીના વિકાસ અને તેને અટકાવવામાં ખોરાકની ભૂમિકા મહત્ત્વની હોય છે. ખોરાક એવી મહત્ત્વની બાબત છે જેને તમે બદલી શકો છો અને તમામ અન્ય કાર્ડિયોવેસ્ક્યુલર જોખમની પરિબળો પર તે અસર કરે છે.

વિકસિત દેશોમાં થયેલ એક સંશોધનમાં એવું જાણવા મળ્યું છે કે સામાન્ય આહારની સરખામણીમાં સેચ્યુરેટેડ ચરબી ઓછી હોય તેવો આહાર અને પુષ્કળ પ્રમાણમાં ફળ અને શાકભાજી ખાતા હોય તેવા લોકોમાં હૃદયરોગ થવાના જોખમાં 73 ટકાનો ઘટોડો થાય છે. કોરોનરી હૃદયરોગમાં ખોરાક કેવી રીતે અસર કરે છેઃ ધૂમ્રપાન અને શારીરિક પ્રવૃત્તિ સાથે ખાવાપીવાની આદત મોટાભાગની કાર્ડિયોવાસ્ક્યુલર અને મેટાબોલિક બીમારીઓના કારણે, અટકાવ અને સારવારનો આધાર રહે છે જેમાં કોરોનરી હાર્ટ ડિસીઝ (સીએચડી) સ્ટ્રોક એ ટાઈપ -2 ડાયાબિટીસ મેલિટસ (ડીએમ) સામેલ છે. વિકાસશીલ દેશોમાં મોટા પ્રમાણમાં સ્થૂળતા, ડીએમ, સીએમડી થવા માટે સામાજિક અને પર્યાવરણીય ફેરફાર જવાબદાર છે જે મુખ્યત્વે ખોરાક અને જીવનશૈલીના ફેરફારોને આભારી છે. બિનતંદુરસ્ત ખોરાકમાં મોટા પ્રમાણમાં સેચ્યુરેટેડ ચરબી, નમક અને રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફળ અને શાકભાજી ઓછાપ્રમાણમાં લેવાથી પણ તંદુરસ્તીને નુકસાન થાય છે. વધારે પડતી સ્થૂળતા, મધ્યમાં સ્થૂળતા, હાઈ બ્લડપ્રેશર કોલેસ્ટેરોલમાં વધારો, ડાયબિટીસ અને ઓછી કાડિર્યો-રેસ્પિરેટરી ફિટનેસ કેટલાક બાયોલોજિકલ પરિબળોમાં સામેલ છે જે જોખમમાં મુખ્યત્વે વધારો કરે છે.




**સામાન્ય ધમની-સાંકડી થયેલી ધમની-જમા થયેલું લિપિડ-કોરોનરી ધમનીની બીમારી**

**ચરબી (ફેટ):** અભ્યાસ પરથી સ્પષ્ટ થયું છે કે અસામાન્ય બ્લડ લિપિડ ફેટના સ્તરને કોરોનરી ધમનીની બીમારી, હાર્ટ એટેક અને કોરોનરી ધમનીની બીમારી હાર્ટ એટેક અને કોરોનરી મૃત્યુના જોખમ સાથે મજબૂત સંબંધ છે. તમે જે ખાવ તેની સાથે અસામાન્ય બ્લડ લિપિડ સંકળાયેલ છે. ખોરાકમાં સેચ્યુરેટેડ ફેટ (જેમ કે ઘી) અને ટ્રાન્સફેટ (જેનો ઉપયોગ કેક, કૂકીઝ અને ફાસ્ટફુડમાં થાય છે)નું પ્રમાણ વધારે હોય તો કોલેસ્ટેરોલના સ્તરમાં વધારો થાય છે. અનસેચ્યુરેટેડ ચરબી, પોલીઅનસેચ્યુરેટેડ અને મોટોઅનસેચ્યુરેટેડ ચરબીહૃદયની તંદુરસ્તી માટે સારી તે માછલી, ડ્રાયફ્રૂટ્સ અને શાકભાજીમાં જોવા મળે છે.

અમુક પ્રકારની માછલી અને ડ્રાયફ્રૂટસમાં અને સીડમાં આવશ્યક ફેટી એસિડ્સ ઓમેગા-3 અને ઓમેગા-6 મળી આવે છે. આપણાં શરીર આ એસિડ ઉત્પન્ન શકતાં નથી તેથી તેનો ફાયદો મેળવવા આપણે તે ખાવા પડે છે તેના ફાયદામાં શરીરમાં કોલેસ્ટેરોલના સ્તરમાં સુધારો કરવાનો સમાવેશ થાય છે. પરંતુ એ બાબતની નોંધ કરવી જરૂરી છે કે તમારા દૈનિક ખોરાકની કેલેરીમાં ફેટનું પ્રમાણ 35 ટકાથી વધારે હોય તો, તે ચરબી અનસેચ્યુરેટેડ હશે તો પણ તમારા માટે કાર્ડિયોવાસ્ક્યુલર બીમારીનું જોખમ વધી જશે.

સેચ્યુરેટેડ ફેટનું પ્રમાણ દૈનિક ખોરાકમાં 10 ટકાથી વધવું ન જોઈએ અને ઊંચું જોખમ ધરાવતા દર્દીઓ, જેમ કે ડાયાબિટીસ ધરાવતા લોકો માટે ચરબીનું પ્રમાણ સાત ટકા અથવા ઓછું હોવું જોઈએ.

**સોડિયમઃ** હાઈ બ્લડપ્રેસર (હાઈપરટેન્શન) એ કાર્ડિયોવાસ્ક્યુલર બીમારી ધરાવતા લોકો માટે જોખમનું મુખ્ય પરિબળ છે. તમારા ખોરાકમાં મીઠાંનું પ્રમાણ વધારે હોય તો તમને હાઈપરટેન્શન થવાનું જોખમ વધી જાય છે. એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે આહારમાં સોડિયમનું પ્રમાણ દૈનિક એક ગ્રામ ઘટાડાય એટલે કે મીઠાંનું પ્રમાણ ત્રણ ગ્રામ ઘટે તો હાઈપરટેન્શનની સારવારની જરૂર પડે તેવા લોકોની સંખ્યામાં 50 ટકા સુધીનો ઘટાડો કરી શકાશે. આટલા ઘટાડાથી કોરોનરી હાર્ટ ડિસીઝથી થતાં મૃત્યુના પ્રમાણમાં 16 ટકા ઘટાડો નોંધાશે.

**ફળ અને શાકભાજીઃ** ખોરાકમાં પુષ્કળ પ્રમાણમાં ફળ અને શાકભાજી લેવાથી તમારા હૃદયને રક્ષણ મળે છે. વિશ્વભરમાં 20 ટકા જેટલી કોર્ડિયોવેસ્ક્યુલર બીમારીઓમાં ફળ એ શાકભાજીનું ઓછું પ્રમાણ જવાબદાર હોય છે. ફળ અને શાકભાજીમાં એવાં તત્ત્વો હોય છે જે હૃદયની બીમારી અને સ્ટ્રોક સામે રક્ષણ આપે છે.

**હોલબ્રેઈન ધાન્યઃ** હોલેગ્રેઈન ધાન્ય અનરિફાઈન્ડ હોય છે. તેમાં ફોલિક એસિડ, વિટામીન બી અને ફાઈબર હોય છે, જે તમામ હૃદયની બીમારી સામે રક્ષણ આપે છે. સફેદ બ્રેડ અથવા પાસ્તા બનાવવા માટે ઉપયોગમાં લેવાતા પ્રોસેસ્ડ અનાજના હોલેગ્રેઈન ધાન્ય જેવા ફાયદા હોતા નથી. નિયમિત રીતે ડ્રાયફ્રૂટ્સ ખાવાથી કોરોનરી હૃદયરોગના જોખમમાં ઘટાડો થાય છે.“



JCI (USA) NABL ACC

CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-169 | August 25, 2024

Marengo CIMS Hospital

# ચેપી રોગો



**ડૉ સુરભી મદાન**
MD, General Medicine, Fellowship in Infectious Diseases
Infectious Diseases Consultant
+91 97129 71863
surabhi.madan@marengoasia.com

બેક્ટેરિયા, વાઈરસ, ફુગ અને પરોપજીવી જંતુઓ જેવા ચેપી જીવાણુઓ દ્વારા ફેલાતા રોગોને ચેપી રોગ કહેવામાં આવે છે. ભારતમાં માન્ય કરવામાં આવેલા તબીબી સુપર સ્પેશિયાલિટીઝ (ખાસ કુશળતા)ની યાદીમાં ઈન્ફેકશીયસ ડીસીઝ(ચેપી રોગો)નો ઉમેરો પાછળથી થયેલ છે. ચેપીરોગોમાં તમામ સ્પેશિયાલીટીનો સમાવેશ હોવાને લીધે ઈન્ફેકશીયસ ડીસીઝ મહત્વનું છે. અન્ય ક્ષેત્રોથી વિપરીત; પેથોજેન્સમાં ફેરફાર, હોસ્ટ (યજમાન) અને એન્ટીમાઈક્રોબીયલ એજન્ટ્સ(ચેપી જંતુઓ માટે દવાઓ)ના ઉપયોગના કારણે ચેપીરોગો ઝડપથી વિકસે છે. તેથી ચેપીરોગોની સારવાર માટે તેના નિષ્ણાત ડોકટરની સલાહની ભલામણ કરવામાં આવે છે. ખાસ કરીને કેટલાક બિનસામાન્ય ચેપોનું નિદાન અને સારવાર કરવી મુશ્કેલ છે અને ચેપી રોગના નિષ્ણાતોની સલાહ દ્વારા તેની સફળતાપૂર્વક સારવાર કરી શકાય છે. અહીં આપેલા ૨ કેસમાં આ બાબત ઉજાગર કરવામાં આવી છે.

**કિસ્સો ૧ પાશ્ચરાઈઝ કર્યા વગરના દૂધ દ્વારા ચેપનો ફેલાવો**

ગુજરાતના એક ગામડામાં રહેતા ૬૧ વર્ષના એક પુરુષ દર્દીનો કિસ્સો છે જેને તાવ, સામાન્ય થાક, ભૂખ ન લાગવાની સમસ્યા હતી અને છેલ્લા એક વર્ષમાં લગભગ ૮ કિલો વજન ઉતરી ગયું હતું. એકથી વધારે ડોકટરોએ દર્દીને એકથી વધુ એન્ટીબાયોટિક્સની સારવાર આપી હતી પરંતુ કોઈ સુધારો થયો ન હતો. વિગતવાર પૃચ્છા કરતા તેમણે જણાવ્યું કે દર્દીના ઘરે ઢોરઢાંખર છે અને તે ઉકાળ્યા વગરનું દૂધ પીવાની આદત ધરાવે છે. લોહીની તપાસ પરથી પેન્સાઈટોપેનિયા(લોહીના કણોમાં જેમ કે, આરબીસી, ડબલ્યુબીસી અને પ્લેટલેટ કાઉન્ટમાં ઘટાડો) જાણવા મળ્યું. બ્રુસેલોસિસની શંકા સાથે ૬ બોટલ બ્લડ કલ્ચર મોકલવામાં આવ્યા હતા જે તમામ બ્રુસેલા નામના જંતુ માટે પોઝિટિવ આવ્યા. દર્દીને જેન્ટામાઈસિન અને ડોક્સીસાઈક્લીનથી સારવાર આપવામાં આવી અને ત્યાર બાદ ડોક્સી અને રીફેમ્પિસિની સારવાર આપી. આ સારવાર ત્રણ મહિના ચાલી અને તેના સફળ પરિણામો મળ્યા.

**બ્રુસેલોસિસ** એ ઝૂનોસિસ (પશુઓમાં થતી બિમારી) છે જે માનવીમાં પણ ફેલાઈ શકે છે. તેના તબીબી લક્ષણો ટ્યુબરક્યુલોસિસ (ટીબી) જેવા હોવાના કારણે તેને ઘણી વાર ટીબી માની લેવામાં આવે છે. આ રોગ વધુ વકરે નહી તે માટે વહેલાસર સારવાર આપવી જરૂરી છે. તેની દવાઓની પસંદગી વિશિષ્ટ હોય છે અને સારવારમાં કુશળતાની જરૂર પડે છે.

**કિસ્સો ૨ - કરડનારા તમામ જંતુ મચ્છર નથી હોતા**

૫૬ વર્ષની એક મહિલા દર્દીને ૧૦ દિવસથી તાવ, ઉલ્ટી, નબળાઇ, સાંધામાં તીવ્ર દુખાવો હતો અને તેઓ સતત બબડયા કરતા હતા. દર્દીએ બીજી જગ્યાએ સારવાર લીધી હતી પણ સુધારો થયો ન હતો. તપાસમાં જાણવા મળ્યું કે લોહીના કણોની સંખ્યા ઘટી ગઈ હતી, કિડની ને નુકસાન થયું હતું અને લીવર (યકૃત)ની કામગીરીને અસર હતી. ઊંડાણપૂર્વક તપાસ કરતાં તેમની ડાબી જાંઘ પર એક એસ્કાર (કરડ્યાનું નિશાન) મળી આવ્યું હતું. રિકેસિયલ ઈન્ફેક્શન (સ્ક્રબ ટાઈફસ)ની શંકાના આધારે તેમને ટેબલેટ ડોક્સિસાઈક્લિન આપવાનું શરૂ કરાયું. સ્ક્રબ ટાઈફસનો એસ્કાર બાકીના તમામ એન્ટીબાયોટિક્સ (જે પહેલેથી ચાલુ હતા) તેને અટકાવી દેવામાં આવ્યા. પાછળથી **સ્ક્રબ ટાઈફસ આઈજીએમ** ટેસ્ટ પોઝિટીવ આવ્યો. સારવારથી દર્દીની હાલતમાં સુધારો થયો, અને દર્દીને કોઈપણ મુશ્કેલી વગર રજા આપવામાં આવી. સ્ક્રબ ટાઈફ્સ એક પ્રકારના જંતુના કરડવાથી થાય છે. દર્દીને તાવ આવે છે અને કરડવાની જગ્યાએ ચકામા થાય અથવા ન પણ થાય. શરીરના એકથી વધારે અંગોને અસર થઈ શકે અને વહેલાસર સારવાર ન અપાય તો મૃત્યુ પણ થઈ શકે છે.


સ્ક્રબ ટાઈફ્સનો એસ્કાર

**મૈરિંગો સીમ્સ હોસ્પિટલ ખાતે ચેપી રોગોની ઉપલબ્ધ સેવાઓ**

- પૂર્ણ કક્ષાના ચેપી રોગ કન્સલ્ટન્ટ જેઓ નીચેની બાબતોમાં નિષ્ણાત છે, જેમ કે :- એચઆઈવી અને એઇડ્સ, ટ્યુબરક્યુલોસિસ, સમુદાયમાંથી મેળવેલી જટિલ બીમારીઓ, રોગપ્રતિકારક શક્તિ ગુમાવી હોય તેવા દર્દીઓમાં ચેપ, વિષુવવૃતિય ચેપ (ટ્રોપિકલ ઈન્ફેક્શન્સ) જેવા કે મલેરિયા, ડેંગ્યુ વગરે.
- હોસ્પિટલમાંથી ઉદ્ભવેલા ચેપ અને આઈસીયુ દર્દીઓમાં જટિલ ચેપની સારવાર
- તંદુરસ્ત તેમ જ રોગપ્રતિકારક શક્તિ ઘટી હોય તેવા પુખ્તવયના લોકોને રસી.
- પ્રવાસ આરોગ્યને લગતી સલાહ
- હોસ્પિટલમાં ચેપ નિયંત્રણ નીતિઓનું ચુસ્ત અમલીકરણ
- એન્ટીમાઈક્રોબિયલ સ્ટુઅર્ડશિપની(વિવેકપૂર્ણ ઉપયોગ)પ્રણાલી

# CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-169 | August 25, 2024

Marengo CIMS Hospital


## અંગદાન અંગે કેટલીક ગેરમાન્યતાઓ અને હકીકતો

**માન્યતા 1** બ્રેઈન ડેડ દર્દીને મૃત ના કહી શકાય.

**હકીકત 1** મગજના મૃત્યુને કાનૂની અને તબીબી રીતે મૃત્યુ તરીકે માન્યતા આપવામાં આવે છે. બ્રેઈન ડેડ વ્યક્તિની પુષ્ટિ કરવા માટે બે સ્વતંત્ર નિષ્ણાતો છ કલાકના અંતરે બે વાર પુષ્ટિ કરે છે.

**માન્યતા 2** મારો ધર્મ અંગદાનને સમર્થન આપતો નથી.

**હકીકત 2** મોટાભાગના ધર્મો માત્ર અનુમતિ નથી આપતા , પરંતુ અંગદાનને ઉદાર કાર્ય તરીકે સક્રિયપણે પ્રોત્સાહિત પણ કરે છે.

**માન્યતા 3** હું અંગ દાન કરવા માટે ખૂબ જ વૃદ્ધ (અથવા ખૂબ નાનો) છું.

**હકીકત 3** ઉંમર અને અંગદાનને કોઈ સીધો સંબંધ નથી. જો તમે જરૂરી તબીબી માપદંડો અનુસર્યા હોય તો તમામ ઉંમરના લોકો અંગ દાન માટે વિચારી શકે છે..

**માન્યતા 4** અંગદાન કરવા માટે મારે હોસ્પિટલના બીલ ચૂકવવા પડશે.

**હકીકત 4** એકવાર કુટુંબ અંગદાન માટે સંમતિ આપે, મૃત દાતાની સંભાળ માટેનું બિલિંગ અટકાવવામાં આવે છે. દાતાની જાળવણી, અંગ પુનઃપ્રાપ્તિ, પરિવહન અને જાળવણી સંબંધિત ખર્ચો પ્રાપ્તકર્તા, સંસ્થા અથવા સરકાર દ્વારા આવરી લેવામાં આવે છે, દાતાના પરિવાર દ્વારા નહીં.

**માન્યતા 6** જો હું મારા અંગોનું દાન કરીશ, તો હું મારા બીજા જન્મમાં કિડની કે લિવર વગર જન્મીશ

**હકીકત 5** આ સાચું નથી. આપણા અંગો પુનર્જન્મને પ્રભાવિત કરતા નથી. ભૌતિક શરીરના પુનર્જન્મના કોઈ તબીબી પુરાવા નથી.

**માન્યતા 5** અંગ દાન શરીરને નુકસાન કરશે.


**હકીકત 6** શરીરને અંગદાનથી કોઈ નુકસાન થતું નથી. દાતાના શરીરને અગ્નિસંસ્કાર માટે કપડા પહેરવામાં આવે છે, તેથી અંગદાનના કોઈ દૃશ્યમાન ચિહ્નો રહેતા નથી.

**માન્યતા 7** ડોનર કાર્ડ એટલે અંગદાન માટે કુટુંબની પરવાનગીની જરૂર નથી.

**હકીકત 8** એકલા ડોનર કાર્ડની કોઈ કાનૂની સ્થિતિ નથી. કૌટુંબિક સંમતિ હંમેશા જરૂરી છે. તમારા પરિવાર સાથે તમારા નિર્ણયની ચર્ચા કરવાથી તેઓને યોગ્ય પસંદગી કરવામાં મદદ મળે છે, અંગો દાન આપવાના તમારા ઇરાદાને શેર કરવાનું નિર્ણાયક બનાવે છે.

**માન્યતા 8** નાણાકીય અથવા સેલિબ્રિટી સ્ટેટસ અંગ પ્રત્યારોપણ યાદીમાં આગળ આવવા માટે મહત્વનો ભાગ ભજવે છે.

**હકીકત 8** અંગ ફાળવણી એ તબીબી જરૂરિયાત, રાહ જોવાનો સમય અને સુસંગતતા પર આધારિત છે, વ્યક્તિગત સંપત્તિ અથવા ખ્યાતિ પર નહીં. સિસ્ટમનું સંચાલન SOTTO (સ્ટેટ ઓર્ગન ટીસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન), ROTTO (પ્રાદેશિક ઓર્ગન ટીસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન), અને NOTTO (નેશનલ ઓર્ગન ટીસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન) દ્વારા કરવામાં આવે છે, જેને ટ્રાન્સપ્લાન્ટ માટે સત્તાવાર નોંધણી અને પરવાનગીની જરૂર હોય છે.

ONE HEART

ONE LIFE
ONE DESTINATION

CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

JCI (USA) ACC American College of Cardiology

**નવીનતા અને ક્લિનિકલ શ્રેષ્ઠતા માટે સતત પ્રયત્નશીલ.**

## ગુજરાતની નંબર 1

- રોબોટિક બાયપાસ સર્જરી
- સૌથી વધુ ડીપ બ્રેઈન સ્ટીમ્યુલેશન સર્જરી (DBS)
- ખાનગી હોસ્પિટલમાં પ્રથમ વિશિષ્ટ ટ્રાન્સપ્લાન્ટ યુનિટ
- રેનલ ડિનરવેશન થેરાપી (RDN - હાયપરટેન્શન માટેની થેરાપી)
- સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ યુનિટ
- Newsweek દ્વારા એનાયત વિશ્વની શ્રેષ્ઠ હોસ્પિટલ
- થેલેસેમિયા માટે પેડિયાટ્રિક બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ યુનિટ
- દ્વિપક્ષીય લંગ ટ્રાન્સપ્લાન્ટ
- TAVR/TAVI (સર્જરી વિના વાલ્વ રિપ્લેસમેન્ટ / રિપેર)

- એશિયાનું પ્રથમ બ્લડલેસ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- સૌપ્રથમ એશિયા પેસિફિકમાં કેન્સર રેડિયેશન ટ્રીટમેન્ટ માટે અધતન (Elekta Versa HD) ટેકનોલોજી
- પશ્ચિમ ભારતમાં પ્રથમ ટ્રોમા ની સારવાર માટેનાં ATLS અને BLS પ્રોટોકોલ આધારિત વિશિષ્ટ ટ્રોમા સેન્ટર



**53 હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ**

દ્વારા જીવન અને આશાઓને પુનઃસ્થાપિત કરી છે.


**ખુશ દર્દીઓ | ખુશ પરિવારો**

**જરૂરતમંદ લોકોને મૈરિંગો એશિયા ફાઉન્ડેશન હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં મદદરૂપ થશે.**

## HIGHEST NUMBER IN GUJARAT

# 51st | TAVI

Transcatheter Aortic Valve Implantation



Balloon Expandable Valve



Self Expanding Supra-Annular Valve

A procedure to replace the diseased valve without surgery

**Pioneer in Gujarat to start TAVI program - Since 2015**

**10 years of TAVI experience**


**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060

JCI (USA)

1800 309 9999


**Our Network Hospitals:** Ahmedabad | Bhuj | Jodhpur | Faridabad | Gurugram

Marengo CIMS Hospital

# મેરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ



JOINT COMMISSION INTERNATIONAL QUALITY APPROVAL

**જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત**

**અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીક્લેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફકો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્શ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કેમિકલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઇલ ઈન્ડિયા લિમિટેડ
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)- માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*

CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-169 | August 25, 2024

Marengo CIMS Hospital

# મૅરિંગો સિમ્સ મલ્ટિ-સ્પેશ્યાલીટી નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી (ગુજરાત)

## સુરત (સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ, પીપલોદ)

**(દર મહિનાના પહેલા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ ધવલ નાયક**
- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ - **ડૉ મયુર પાટિલ**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ નિકુંજ વ્યાસ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## રાજકોટ (ગોકુલ હોસ્પિટલ)

**(દર મહિનાના પહેલા બુધવારે)**

- ઓર્થોપેડિક સર્જન - **ડૉ મોહનિસ ગઢવી**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- ફૂટ એન્ડ એન્કલ સર્જન - **ડૉ પાર્થ પારેખ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ભાવનગર (બીમ્સ હોસ્પિટલ)

**(દર મહિનાના ત્રીજા શુક્રવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ કિશોર ગુપ્તા**
- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ મિનેશ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ગાંધીનગર (ગોયન્કા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા મંગળવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. તુષાર શાહ**

**સમય : સવારે 10:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી**

## કલોલ (શ્રદ્ધા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા મંગળવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. તુષાર શાહ**

**સમય : બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી**

## સુરેન્દ્રનગર (દર મહિનાના પહેલા રવિવારે)

- ન્યૂરો અને સ્પાઈન સર્જન - **ડૉ. યશોધર.સી. શાહ**

**વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - લીંબડી**
**સમય : બપોરે 12:00 થી 1:00 વાગ્યા સુધી**

**મહર્ષિ હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 1:30 થી 2:30 વાગ્યા સુધી**

**સીયુ શાહ મેડીકલ કોલેજ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 3:00 થી 4:00 વાગ્યા સુધી**

**સી જે હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 4:00 થી 5:00 વાગ્યા સુધી**

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

- પેટના રોગોના નિષ્ણાંત - **ડૉ. નિલેશ ટોકે** **(દર ગુરુવારે)**
- ડાયાબિટીસ અને મેદસ્વિતાના નિષ્ણાંત - **ડૉ રિકિન શાહ** **(પહેલા અને ત્રીજા ગુરુવારે)**
- હિમેટો ઓન્કોલોજીસ્ટ અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન - **ડૉ કૌમિલ પટેલ** **(બીજા અને ચોથા ગુરુવારે)**
- કેન્સરના નિષ્ણાંત (રેડિયેશન ઓન્કોલોજીસ્ટ) - **ડૉ. મલ્હાર પટેલ, ડૉ. મૌલિક ભેંસદડિયા** **(બીજા અને ચોથા ગુરુવારે)**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ અમિત પટેલ** **(બીજા શનિવારે)**
- એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન - **ડૉ વિકાસ પટેલ** **(ત્રીજા શનિવારે)**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ અને મૂત્રમાર્ગના નિષ્ણાંત - **ડૉ. મયુર પાટિલ** **(ત્રીજા શનિવારે)**
- મગજના રોગોના નિષ્ણાંત - **ડૉ. કેવલ ચાંગડિયા** **(ચોથા બુધવારે)**
- કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીક સર્જન - **ડૉ અમિત ચંદન** **(ચોથા શનિવારે)**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## બાવળા (શિવમ હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા બુધવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. કવચ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 12:30 વાગ્યા સુધી**

## ધોળકા (શારદા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા બુધવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. કવચ પટેલ**

**સમય : બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી**

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે**
**82380 95712**

# CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-169 | August 25, 2024


Marengo CIMS Hospital


**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025**



**If Undelivered Please Return to**

**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેસ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.



**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિ:શુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેસ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**


Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.